# તમને અમેરિકાના કયા વિઝા જોઈએ છે?

ભાગ-6

**વિઝા મિત્ર**
★ સંગીતા જોશી

રામજીભાઈ પટેલનું અમેરિકન સ્વપ્ન હતું. એમને એમની પત્ની જાનકીબેન જોડે અમેરિકા જઈને વસવું હતું. ત્યાં જઈને પહેલા મોટેલમાં કામ કરીને પછી ધીરે ધીરે મોટેલ ખરીદી લેવી હતી અને ત્યાર બાદ અમેરિકામાં ચેન ઓફ હોટલ્સના માલિક બનવું હતું. રામજીભાઈનું અમેરિકામાં કોઈ સગું-વ્હાલું નહોતું એટલે એમણે જાત મહેનત કરીને અમેરિકા જવાનો રસ્તો ખોજવાનો હતો. રામજીભાઈ અને જાનકીબેને અમેરિકામાં પ્રવેશ મેળવવા માટે કંઈ કેટલાય પ્રકારો અજમાવી જોયા પરંતુ કોઈ પણ હિસાબે એમને ઈમિગ્રન્ટ કે નોનઈમિગ્રન્ટ પ્રકારના વિઝા મળ્યા નહીં.

અમેરિકાના ઈમિગ્રન્ટ વિઝાના ચાર મુખ્ય પ્રકારો છે. ફેમિલી બેઝ્ડ વિઝા, એમ્પ્લોયમેન્ટ બેઝ્ડ વિઝા, ડાઈવર્સિટી વિઝા અને બીજા સ્પેશિયલ ઈમિગ્રન્ટ વિઝા.

જાનકીબેનનો પાસપોર્ટ જોતાં જણાયું કે એમનો જન્મ આફ્રિકાના કેન્યામાં થયો હતો એટલે એ ઈમિગ્રન્ટ વિઝાના ત્રીજા પ્રકાર એટલે કે ડાઈવર્સિટી વિઝાના પ્રકારમાં બંધબેસતા થઈ જતા હતા. અમેરિકા દર વર્ષે ડાઈવર્સિટી વિઝા હેઠળ લોટરી કાઢીને 55,000 ગ્રીનકાર્ડ ઈશ્યુ કરે છે. આ લોટરીમાં ભારત અને ચીન જેવા દેશો ભાગ લઈ શકતા નથી, કારણ કે આ દેશોમાંથી ખૂબ મોટા પ્રમાણમાં લોકો ઈમિગ્રન્ટ વિઝા લઈને અમેરિકામાં પ્રવેશે છે પણ આફ્રિકા જેવા દેશોના લોકો ખૂબ જૂજ સંખ્યામાં અમેરિકા જાય છે આથી આ દેશમાં જન્મેલી વ્યક્તિ અમેરિકાના ડાઈવર્સિટી વિઝાની લોટરીમાં ભાગ લઈ શકે છે. અમે જ્યારે જોયું કે જાનકીબેનનો જન્મ આફ્રિકાના કેન્યામાં થયો હતો ત્યારે અમે એમને આ વિઝા લોટરીમાં ભાગ લેવાનું સૂચન કર્યું. જાનકીબેનના નસીબ જોર કરતા હતા કે એમનો નંબર વિઝા લોટરીમાં નીકળ્યો અને જાનકીબેન અને એમની સાથે રામજીભાઈને એમના ડીપેન્ડન્ટ તરીકે અમેરિકા જવા મળી ગયું. આજે તો તેઓ બંને એમનું અમેરિકન સપનું પૂરું કરવા માટે સખત મહેનત કરી રહ્યા છે. અમને ખાત્રી છે કે તેઓ ખૂબ જલ્દી મોટેલના અને ત્યારબાદ ચેન ઓફ હોટલ્સ ના માલિક બનશે.

ડાઈવર્સિટી વિઝા બાદ આવે છે ઈમિગ્રન્ટ વિઝાનો ચોથો મુખ્ય પ્રકાર, જેના હેઠળ જેમણે અમેરિકા અને અફઘાનિસ્તાનમાં અમેરિકાના લશ્કર માટે, દુભાષિયાઓ અને સાથીઓ તરીકે કામ કર્યું હોય તેઓ આવે છે. આ ઉપરાંત T વિઝા ધરાવનાર જે માણસોના સ્મગલિંગનો એટલે કે હ્યુમન ટ્રાફિકિંગનો શિકાર બન્યા હોય અને U વિઝા ધરાવનાર જે ગુનાહિત પ્રવૃત્તિઓનો શિકાર બન્યા હોય અથવા સરકારી સાક્ષી બનવા તૈયાર હોય તેઓ આ વિઝા, ખાસ ઈમિગ્રન્ટ વિઝાના ચોથા પ્રકારમાં બંધબેસતા આવે છે અને તેઓ ગ્રીનકાર્ડ મેળવવા માટે લાયક બની શકે છે. આ ઉપરાંત તમે રાજકીય આશરો અને રેફ્યુજી સ્ટેટસ મેળવીને, અમેરિકાના લશ્કરમાં જોડાઈને, ખાસ કાયદાઓ ઘડાયા હોય એના હેઠળ લાયક બનીને અને અમેરિકા જે દેશને જીતીને પોતાના દેશમાં ભેળવી દે અને પોતાની હકૂમત નીચે લઈ આવે એ દેશના નાગરિકો પણ અમેરિકાના ઈમિગ્રન્ટ વિઝા મેળવીને અમેરિકન ગ્રીનકાર્ડ અને ત્યાર બાદ અમેરિકાની સિટિઝનશીપ મેળવી શકે છે. તો વિઝામિત્રો, આ હતા ઈમિગ્રન્ટ વિઝાના પ્રકારો. તમે જો આ વિઝા મેળવવા માટે લાયક બનો છો તો




**ઈમિગ્રન્ટ વિઝા પર જનાર વ્યક્તિ પણ અમેરિકા પર બોજરૂપ એટલે કે પબ્લિક ચાર્જ તો નહીં બની જાય એની કાળજી લઈને પછી જ ઓફિસર વિઝા આપે છે**

તમે અમેરિકાની બહાર હો તો તમારે એ દેશમાં આવેલી કોન્સ્યુલેટમાં અથવા યુએસ એમ્બેસીમાં જઈને ઈન્ટરવ્યૂ આપવાનો રહેશે. પછી ગ્રીનકાર્ડ હોલ્ડર તરીકે તમે અમેરિકામાં દાખલ થઈ શકશો. જો તમે કાયદેસર રીતે અમેરિકાની અંદર હો તો તમે લાયક થતાં જ તમારે અમેરિકાની અંદર જ રહીને એડજસ્ટમેન્ટ ઓફ સ્ટેટસ કરવું પડશે. તમે I-485 ફાઈલ કરીને અમેરિકાની બહાર નીકળ્યા વગર જ ગ્રીનકાર્ડ મેળવી શકશો.

ઈમિગ્રન્ટ વિઝા અને નોન ઈમિગ્રન્ટ વિઝા વચ્ચેનો મુખ્ય ફરક એ છે કે ઈમિગ્રન્ટ વિઝા ધરાવનાર અમેરિકામાં કાયમી વસવાટ કરવાની ઈચ્છા ધરાવે છે અને નોનઈમિગ્રન્ટ વિઝા ધરાવનારે અમેરિકામાં થોડો સમય માટે આવીને પોતે જે કાર્ય માટે અમેરિકામાં પ્રવેશ્યા હોય એ કામ પતી જતાં જ અમેરિકાની બહાર નીકળી જવું પડે છે. જો એ ન નીકળે અને અમેરિકામાં લાંબો સમય રહી જાય તો એનો એ વસવાટ ગેરકાયદેસરનો ગણાય છે. આગળ જતાં એ બીજી વખત પ્રવેશ કરવા માટે બાધારૂપ બને છે.

નોન ઈમિગ્રન્ટ વિઝા લેવા જનારે કોન્સ્યુલર ઓફિસર પાસે પોતાનું નોન ઈમિગ્રન્ટ ઈન્ટેન્શન સાબિત કરવું જરૂરી બની જાય છે. જો તેઓ એ સાબિત નથી કરી શકતા તો એમના વિઝા રિજેક્ટ થઈ જાય છે. જો એમણે કંઈ ખોટું કર્યું હોય તો એમના ઉપર પાંચ કે દસ વર્ષનો બેન પણ લાગી જાય છે. ઈમિગ્રન્ટ વિઝા લેવા જનારે પોતાનું ઈમિગ્રન્ટ ઈન્ટેન્શન સાબિત કરવું જરૂરી બની જાય છે. જેમ કે તેણે ફક્ત અમેરિકા જતી એટલે કે એકતરફી ટિકિટ જ કરાવવી જરૂરી છે. તેઓ અમેરિકામાં જઈને કાયમ રહેવા માંગતા હોય તો શું કામધંધો કરવાના છે? આવક કઈ રીતે ઊભી કરવાના છે? અમેરિકા પર બોજ બની નહીં જાય, એની ખાતરી આપવાની રહે છે વગેરે વગેરે.

અમેરિકાના A થી V સુધીના બધા જ વિઝા હેઠળ એ લેવા જનારે પોતાનો અમેરિકામાં કાયમ રહી જવાનો ઈરાદો નથી એ દેખાડી આપવું પડે છે, પણ કેટલાક વિઝા એવા છે કે જેના હેઠળ એ માગનારનું ડ્યુઅલ ઈન્ટેન્શન હોય તો કંઈ ખોટું ગણાતું નથી. જેવા કે F-1 સ્ટુડન્ટ વિઝા, L-1 ઈન્ટ્રા કંપની ટ્રાન્સફરી વિઝા, H-1B એટલે કે નોકરી કરવા જનારના વિઝા વગેરે વગેરે. આ વિઝા હેઠળ તમે અમેરિકામાં પ્રવેશ મેળવીને આગળ જતાં અમેરિકામાં સ્થાયી થવાનો ઈરાદો ધરાવી શકો છો.

સામાન્ય રીતે ભારતને અમેરિકન કોન્સ્યુલર ઓફિસરો નોનઈમિગ્રન્ટ વિઝા આપવાની બાબતમાં એક જોખમી દેશ ગણે છે. બિઝનેસ અને વિઝિટર્સ વિઝા પર અમેરિકામાં પ્રવેશ્યા બાદ અનેક ભારતીય પાછા નથી ફરતા. આથી ભારતીયોને વિઝા આપતા પહેલાં કોન્સ્યુલર ઓફિસરો એમની અરજી ઊંડાણપૂર્વક તપાસે છે. ઈમિગ્રન્ટ વિઝા પર જનાર વ્યક્તિ પણ અમેરિકા પર બોજરૂપ એટલે કે પબ્લિક ચાર્જ તો નહીં બની જાય એની કાળજી લઈને પછી જ ઓફિસર વિઝા આપે છે.

આથી તમે કયા વિઝા લેવા માંગો છો અને એની હેઠળ તમારી શું શું ફરજો અને જવાબદારીઓ આવે છે એ સમજી લેવું આવશ્યક છે.

તો વિઝામિત્રો, 'તમને અમેરિકાના કયા વિઝા જોઈએ છે?' આ શૃંખલા આજે આપણે અહીં અમેરિકાના અનેક પ્રકારના વિઝા વિશે જાણકારી આપીને સમાપ્ત કરીએ છીએ. આશા રાખું છું કે આ જાણકારી આપને અમેરિકાના વિઝા મેળવવામાં મદદરૂપ નીવડશે.

(સંપૂર્ણ)

# એરલાઈન્સની ઓવરબુકિંગની મનમાની સામે ગ્રાહકોના અધિકારો

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

હવાઈ મુસાફરી આજે સામાન્ય બની ગઈ છે. વ્યવસાય, શિક્ષણ, સારવાર અને પર્યટન માટે દરરોજ હજારો લોકો હવાઈ મુસાફરી કરે છે. પરંતુ કેટલીક એરલાઈન્સ વધુ નફો મેળવવાના હેતુથી ઉપલબ્ધ બેઠકો કરતાં વધુ ટિકિટો વેચે છે. આ પ્રથાને 'ઓવરબુકિંગ' તરીકે ઓળખવામાં આવે છે. એરલાઈન્સનો અંદાજ એવો હોય છે કે કેટલાક મુસાફરો મુસાફરી રદ કરશે અથવા સમયસર નહીં પહોંચે પરંતુ જ્યારે તમામ મુસાફરો સમયસર હાજર રહે છે ત્યારે કન્ફર્મ ટિકિટ ધરાવતાં કેટલાક મુસાફરોને બોર્ડિંગ પાસ આપવાનો ઇનકાર કરવામાં આવે છે. આવી કાર્યવાહી ગ્રાહકોના અધિકારોનું ઉલ્લંઘન છે અને ગ્રાહક સુરક્ષા કાયદા હેઠળ સેવામાં ખામી તરીકે ગણાઈ શકે છે. આ મુદ્દે રાષ્ટ્રીય ગ્રાહક આયોગનો ડૉ. સવિતા મલ્હોત્રા વિરુદ્ધ ઇન્ડિયન એરલાઈન્સનો ચુકાદો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ કેસમાં ફરિયાદી વૈજ્ઞાનિક પરિષદમાં હાજરી આપવા જઈ રહ્યાં હતાં. પરિણામે તેઓ પોતાના મહત્ત્વના કાર્યક્રમમાં સમયસર હાજર રહી શક્યા નહોતા. રાષ્ટ્રીય ગ્રાહક આયોગે જણાવ્યું હતું કે કન્ફર્મ ટિકિટ ધરાવતા મુસાફરને માત્ર ઓવરબુકિંગના કારણે મુસાફરીથી વંચિત રાખવી એ સ્પષ્ટ સેવામાં ખામી છે અને એરલાઈન્સને ગ્રાહકને વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. બીજો મહત્ત્વપૂર્ણ ચુકાદો એર ફ્રાન્સ વિરુદ્ધ યુનિક ટ્રેડર્સનો છે. આ કેસમાં પણ રાષ્ટ્રીય ગ્રાહક આયોગે સ્પષ્ટ કર્યું હતું કે માત્ર મુસાફરને બીજી ફ્લાઈટમાં મોકલી દેવાથી એરલાઈન્સની જવાબદારી પૂર્ણ થતી નથી.




મુસાફરને થયેલી માનસિક યાતના, સમયની ખોટ, વ્યાવસાયિક નુકસાન તેમ જ હોટેલ, ભોજન અને અન્ય વધારાના ખર્ચની યોગ્ય ભરપાઈ કરવાની જવાબદારી પણ એરલાઈન્સની રહે છે. ગ્રાહકનો સમય અને તેનું આયોજન પણ મૂલ્યવાન છે; તેની અવગણના કરી શકાય નહીં.

આ જ પ્રકારનો મહત્ત્વપૂર્ણ ચુકાદો સુરત જિલ્લા ગ્રાહક કમિશને પૂજા માલી વિરુદ્ધ જેટ એરવેઝ કેસમાં આપ્યો હતો. આ કેસમાં ફરિયાદી પાસે કન્ફર્મ ટિકિટ હોવા છતાં ઓવરબુકિંગના કારણે બોર્ડિંગ આપવામાં આવ્યું નહોતું. પરિણામે તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જિલ્લા ગ્રાહક કમિશને એરલાઈન્સની આ બેદરકારીને સેવામાં ખામી માની ફરિયાદીની ફરિયાદ મંજૂર રાખી યોગ્ય વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ ચુકાદો સ્થાનિક સ્તરે પણ ગ્રાહકોના અધિકારોનું મજબૂત રક્ષણ થતું હોવાનું દર્શાવે છે. આ ત્રણેય ચુકાદાઓમાંથી એક સ્પષ્ટ સિદ્ધાંત બહાર આવે છે કે ઓવરબુકિંગ એ એરલાઈન્સની આંતરિક વ્યાવસાયિક નીતિ હોઈ શકે પરંતુ તેનો બોજ ગ્રાહક પર નાખી શકાય નહીં. કન્ફર્મ ટિકિટ ધરાવતાં મુસાફરને માત્ર એરલાઈન્સના અંદાજની ભૂલના કારણે મુસાફરીથી વંચિત રાખવાનો કોઈ અધિકાર એરલાઈન્સને નથી. જો કોઈ મુસાફરને આવી પરિસ્થિતિનો સામનો કરવો પડે તો તેણે ટિકિટ, બોર્ડિંગ સંબંધિત દસ્તાવેજો, એરલાઈન્સ દ્વારા આપવામાં આવેલું લેખિત કારણ અને થયેલા વધારાના ખર્ચના તમામ પુરાવા સાચવી રાખવા જોઈએ. આવા પુરાવાના આધારે ગ્રાહક કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરીને માનસિક યાતના, આર્થિક નુકસાન તથા અન્ય ખર્ચનું યોગ્ય વળતર મેળવી શકાય છે. ગ્રાહક સુરક્ષા કાયદાનો હેતુ માત્ર વળતર અપાવવાનો નથી પરંતુ સેવા પ્રદાતાઓને જવાબદાર અને ગ્રાહકલક્ષી બનાવવાનો પણ છે. એરલાઈન્સ સહિત તમામ સેવા પ્રદાતાઓએ યાદ રાખવું જોઈએ કે ગ્રાહકનો વિશ્વાસ, સમય અને સન્માન કોઈ પણ વ્યાવસાયિક નફા કરતાં વધુ મૂલ્યવાન છે.

**તેમની પાસે કન્ફર્મ ટિકિટ હોવા છતાં ઓવરબુકિંગના કારણે તેમને બોર્ડિંગ આપવામાં આવ્યું નહોતું**

**કેન્ડલ લાઇટ**

'ગ્રાહક જાગૃત હશે તો ન્યાયનો માર્ગ ક્યારેય બંધ નહીં થાય; અધિકાર માટે ઊભા રહેનારને કાયદો હંમેશાં સાથ આપશે.'